અપીલ અરજી નં. SMC/MCH/FAP/01 તા.૭–૬–૧૬
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ

અરજદારઃ – શ્રી વિનોદ રામજીભાઈ પટેલ
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને સીની. સ્થાનિક વૈ. અમલદાર

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ રામજીભાઈ પટેલની આઈડી નં.૬૧૨ (મધ્યસ્થ કચેરી) તા.૧૦–૨–૧૬ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧–૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં ૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૭–૬–૧૬ની અપીલ નં.૦૧ (૧૬–૧૭)

શ્રી વિનોદ રામજીભાઈ પટેલની આઈડી નં.૬૧૨ (મધ્યસ્થ કચેરી) તા.૧૦–૨–૧૬ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧–૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં ૧ થી ૫ ની માહિતી આપવા બાબતે અરજીમાં માંગેલ માંગ્યા મુજબની માહિતીઓ આપી નથી કે માહિતી ન આપવા સબબ અધિનિયમની જોગવાઈ મુજબ કોઈ વાજબી કારણ દર્શાવતી વિગત પણ અમોને જણાવવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટ–૨૦૦૫ અન્વયે ધોરણસર રીતે કોઈ કાર્યવાહી પણ જવાબદાર અને સંબંધિત જાહેર માહિતી અધિકારી દ્વારા કરવામાં આવેલ ન હોવાનું વિગેરે કારણો જણાવી તા.૭–૬–૧૬ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે અપીલ અરજી કરવામાં આવેલ છે. જે મધ્યસ્થ કચેરીના પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સી/એફ.એ.પી./૪૪ તા.૧૪–૬–૧૬ થી અત્રેના ખાતાને આંશિક તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રે તા.૨૦–૬–૧૬ ના રોજ મળેલ છે. સદર અરજી અત્રેના જાહેર માહિતી અધિકારીના માહિતી પુરી પાડવા અંગેના પત્રના અનુસંધાને લગભગ સવા બે મહિનાના વિલંબથી અપીલ કરવામાં આવેલ છે. તથા વિલંબ અંગેના કારણો તથા વ્યાજબીપણું રજુ કરવામાં આવેલ નથી. તેમ છતાં પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ ગ્રાહ્ય રાખવામાં આવે છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ જાહેર માહિતી અધિકારીનો પક્ષ રજૂ કરવા તા.૨૩–૬–૧૬ થી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સીની. સ્થાનિક વૈ. અમલદાર તરફથી તા.૨૭–૬–૧૬ ના રોજ તબદીલી અંગેનો પત્ર નં.સી/આરટીઆઈ સેલ/૬૧૨ તા.૧૨–૨–૧૬ની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને માહિતી પુરી પાડવાની જાણ કરતો પત્ર નં.એમ.સી.એચ./આઉટ/૨૯૧૦ તા.૦૪–૩–૧૬ની નકલ અત્રે મળેલ છે.

અરજદારની આઈડી નં.૬૧૨ તા.૧૦–૨–૧૬ ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧–૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં ૧ થી ૫ ની માહિતી માંગતી અરજી સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રીને સંબોધતી અરજી મધ્યસ્થ કચેરી ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં.સી/આરટીઆઈ/૬૧૨ તા.૧૨–૨–૧૬થી નિયત સમયમર્યાદામાં અત્રેના ખાતાને તથા લાગત ખાતાઓને આંશિક તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સીની. સ્થાનિક વૈ. અમલદાર તરફથી લાગત મુદ્દા માટે **પત્ર નં. એમ.સી.એચ./આઉટ/૨૯૧૦ તા.૦૪–૩–૧૬** થી નિયત સમયમર્યાદામાં **મુદ્દા નં. ૧** બાબતે અત્રેના મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલમાં ફરજ બજાવતાં કર્મચારીઓનાં સ્થાવર અસ્કયામત ફોર્મ મધ્યસ્થ મહેકમ વિભાગને રવાના કરવામાં આવેલ છે. આથી આ અંગેની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી મળી શકે અને તે માટે તેઓની અરજી સદર જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે જ. તથા ગીફટ વિ. બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કોઈ માહિતી માંગવામાં આવેલ ન હોય, અત્રેના આરટીઆઈ સેલના કોઈપણ કર્મચારી દ્વારા એવી માહિતી/ ફોર્મ રજુ કરવામાં આવેલ નથી એવું જણાવવામાં આવેલ છે. **મુદ્દા નં.૨** બાબતે અત્રેના મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલમાં જુનીયર એન્જી.ની સમકક્ષ, ડે.એન્જી.ની સમકક્ષ કેડર તથા કર્મચારી વર્ગ–૨ અને વર્ગ–૧ ની કક્ષામાં આવતા કર્મચારીઓમાં વર્ગ–૧ ની કક્ષામાં ડૉ. હોમી ડી. દૂધવાલા તથા વર્ગ– ૨ ની કક્ષામાં આવતા અધિકારીઓની માહિતી આ સાથે પત્રક માં સામેલ છે તેઓને ચુંટણી,ઓળખપત્રની માહિતી અત્રેના રેકર્ડ ઉપર

ઉપલબ્ધ જણાતી નથી, પરંતુ સદર અધિકારીઓના સરનામાની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપર ની ઉપર Employee detail પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે અંગે આપ નિરીક્ષણ કરી જરૂરી માહિતી મેળવી શકો છો. અથવા જેની નકલ જો આપ મેળવવા ઈચ્છુક હોવ તો કુલ–૨૮ પાનામાં આપને પુરી પાડવાની થતી હોય પ્રતિ નકલ દિઠ રૂા.૨/–લેખે રૂા.૫૬/– (અંકે રૂા.છપ્પન પુરા) સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કર્યેથી તુરંત માહિતી પુરી પાડવામાં આવશે પરંતુ આજદિન સુધી અરજદાર તરફથી માહિતીની નકલ મેળવવા માટે નાણાં

૨.

જમા કરાવેલ નથી. જેથી અરજદારે ઉપરોકત માહિતી Employee detail પરથી મેળવી લીધેલ હોય તેવું જણાય છે. ઉપરાંત **મુદ્દા નં.૩, ૪ અને ૫** અત્રેના ખાતાને લાગત ન હોવાથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એવું જણાવવામાં આવેલ છે.

અરજદારે અપીલ તબક્કે તેમની વિલંબીત અપીલ અરજી અંગે કોઈ વ્યાજબીપણું રજૂ કરેલ નથી. જે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદ્દત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજ્જો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યાર બાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબીતપણું રજુ કરવામાં સફળ રહેલ નથી. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૨–૧૬ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને સીની. સ્થાનિક વૈ. અમલદાર દ્વારા આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૧ અને ૨ ની અત્રેના ખાતામાં ઉપલબ્ધ સંપૂર્ણ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં. ૩ થી ૫ બાબતે પણ અત્રેના ખાતાને લાગત ન હોવાનું જણાવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલ અંગેનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી.

અપીલ અરજીના સંદર્ભે અપીલ અધિકારી અને મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટર સમક્ષ સુનાવણી અંગે તા.૧૧/૦૭/૧૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે હાજર રહેવા સંબંધિત અરજદારને નં.એમ.સી.એચ./આઉટ/૭૧૯ તા.૦૨/૦૭/૧૬ ના રોજ રજી. એડી ધ્વારા જાણ કરેલ છે. આ પત્ર અરજદારને મળ્યાની પહોંચ અત્રે રજૂ થયેલ છે. તેમ છતાં તા.૧૧/૦૭/૧૬ ના રોજ રૂબરૂ અપીલ અંગેની સુનાવણીમાં અરજદાર ગેરહાજર રહેલા છે. તેમજ અરજદાર ધ્વારા સુનાવણી મુદ્દત લંબાવવા અંગે લેખિત કે મૌખિક રજુઆત કરવામાં આવેલી નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી,મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલના જાહેર માહિતી અધિકારીની અત્રે રૂબરૂ પુરાવા સાથેની રજુઆત તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૨–૧૬ ની અરજીથી માંગવામાં આવેલ અત્રેના ખાતાને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને સીની. સ્થાનિક વૈ. અમલદાર તરફથી ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં તા.૪/૫–૦૩–૧૬ ના રોજ અરજદારને માહિતી પુરી પાડવાની જાણ કરતો પત્ર પાઠવવામાં આવેલ છે . જેની નકલ જો અરજદાર મેળવવા ઈચ્છુક હોવ તો કુલ–૨૮ પાનામાં આપને પુરી પાડવાની થતી હોય પ્રતિ નકલ દિઠ રૂા.૨/–લેખે રૂા.૫૬/– (અંકે રૂા.છપ્પન પુરા) સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કર્યેથી તુરંત માહિતી પુરી પાડવામાં આવશે પરંતુ આજદિન સુધી અરજદાર તરફથી માહિતીની નકલ મેળવવા માટે નાણાં જમા કરાવેલ નથી. જેથી અરજદારે ઉપરોકત માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપર ની ઉપર Employee detail પરથી મેળવી લીધેલ હોય તેવું જણાય છે. તેમજ અરજદારને જવાબમાં મુદ્દા નં. ૩ થી ૫ બાબતે પણ અત્રેના ખાતાને લાગત ન હોવાનું જણાવેલ છે તથા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની અપીલ અરજીની અનુસંધાનમાં તા.૧૧/૦૭/૧૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અપીલ અધિકારી અને મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટરની કચેરીમાં અપીલ સુનાવણીમાં અરજદાર ગેરહાજર રહેલ છે. જાહેર માહિતી અધિકારી અને સીની. સ્થાનિક વૈ. અમલદાર હાજર છે અને તેઓ જણાવે છે કે, તેમના તરફથી અરજદારને મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલને સ્પર્શતા લાગત મુદ્દાઓની જરૂરી માહિતી પૂરી પાડવામાં આવેલ છે અરજદાર તા.૧૧/૦૭/૧૬ ના રોજ સુનાવણીમાં ગેરહાજર રહેલ હોય, આમ અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલ અંગેનું કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોઈ, સદર અપીલ અરજી અંગે અત્રેથી વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

નં.એમ.સી.એચ./આઉટ/
તા.   /   /૨૦૧૬

અપીલ અધિકારી અને
મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેકટર
(મેડીકલ એજયુ. એન્ડ રીસર્ચ)
(ડો.એચ.ડી.દુધવાલા)
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
નકલ રવાના : જાહેર માહિતી અધિકારી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ પ્રતિ.... જાણ તથા અમલ માટે.
નકલ રવાના : શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ, ૫૩, હંસ સોસાયટી, નવાગામ, વરાછા રોડ, સુરત.... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.
નકલ રવાના : આર.ટી.આઈ.સેલ પ્રતિ .... જાણ સારૂ.